# સત્તે પે સત્તા : સાત આઈપીએસ જેલમાં અને વર્ષથી ગુજરાતમાં કોઈ એન્કાઉન્ટર નહી

ગુજરાતના કાબેલ આઈપીએસ અધિકારી ડી.જી.વણઝારા તેમની પોલીસ લાઈફમાં સાત વર્ષનો વનવાસ પૂર્ણ કરી રહ્યાં છે. એનકાઉન્ટરના કેસોમાં



ફસાયેલા સરકારના માનિતા અધિકારી જૂન-૨૦૧૪માં વય નિવૃત્ત થઈ રહ્યાં છે. રાજય સરકારે તેમને એપ્રિલ-૨૦૦૭માં સસ્પેન્ડ કર્યા હતા. પહેલાં મોદી ભક્તિ પછી મોદીની સામે પડેલા આ અધિકારીએ જેલમાં સાત વર્ષ ગાળ્યા છે. મુંબઈમાં થયેલા એનકાઉન્ટરો ઉપર ફિલ્મ બને છે તેવી છ ફિલ્મો તો ગુજરાતમાં સર્જાયેલા એનકાઉન્ટરના કેસોમાં બની શકે તેવી છે. નોંધનીય છે કે ૨૦૦૬માં થયેલા છેલ્લા એનકાઉન્ટર પછી ગુજરાતમાં એનકાઉન્ટરનો એક પણ કેસ નોંધાયો નથી...

**ટાઈમ લાઈન**

**- ગૌતમ પુરોહિત**

હાલ રાજયના સાત પોલીસ અધિકારીઓ સસ્પેન્ડ છે જે પૈકી છ ઓફિસરો પી.પી.પાંડે, રાજકુમાર પાંડિયન, અભય ચૂડાસમા, વિપુલ અગ્રવાલ, જી.એલ.સિંઘલ અને ડી.જી.વણઝારા એનકાઉન્ટરના કેસોમાં ફીટ છે, જયારે સંજીવ ભટ્ટ અલગ કારણોથી સસ્પેન્ડ થયેલા છે. સીબીઆઈ એનકાઉન્ટરના કેસોમાં સંકળાયેલા ઓફિસરોની પૂરી તપાસ કરી પગલાં લે તો એવું કહી શકાય કે હજી ત્રણ થી ચાર આઈપીએસ અધિકારીઓને જેલમાં જવાનું જોખમ ઉભું છે...

**કોકટેલમાં માહિર ગુજરાતી, બોલવામાં પણ ત્રણ ભાષાનો સંગમ કરે છે...**

**નેતાઓના હિન્દી ઇન્ટરવ્યુ ડબીંગ કરવા પડે...**

ગુજરાતમાં વધુ બોલાતી ભાષા ભલે ગુજરાતી હોય, અહીં હવે હિન્દી અને અંગ્રેજી ભાષા પણ વધુ પ્રમાણમાં બોલાય છે. કોકટેલ કરવામાં માહિર ગુજરાતીઓ ભાષામાં પણ કોકટેલ કરે છે. યુવા ગુજરાતીઓ હવે તો એક જ વાક્યમાં ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી એમ ત્રણેય ભાષાઓનું મિશ્રણ કરે છે. ગુજરાતી પરિવારો જયારે હોટલમાં જમવા માટે જાય છે ત્યારે ફરજીયાત હિન્દી ભાષાનો પ્રયોગ કરે છે. વેઈટરને બોલાવવો હોય તો અંગ્રેજી બોલે છે અને સભ્યો સાથે ગુજરાતીમાં વાતો કરે છે...

ગુજરાતમાં કામ કરતા આઈએએસ અને આઈપીએસ અધિકારીઓનું ગુજરાતી સાંભળીને જરા નવાઈ લાગે છે, કેમ કે તેઓ નર નહી નારી નહી પણ નાન્યતર જાતિમાં શબ્દ પ્રયોગ કરે છે. 'તે અમદાવાદથી આયુ 'તુ...' સાચો શબ્દ છે 'તે અમદાવાદથી આવ્યા હતા...' આપણે પણ હિન્દીમાં સાચા શબ્દો બોલી શકતા નથી. ગુજરાતી હિન્દી સાંભળવું હોય તો ગુજરાતના રાજકીય નેતાઓ બોલે તે સાંભળવું જરૂરી છે, ટીવીમાં ઈન્ટરવ્યુ આપતી વખતે જે હિન્દીનો પ્રયોગ કરે છે તે જોતાં એવું લાગે કે રિપોર્ટરે જાતે ડબીંગ કરી લેવું જોઈએ...

**જીપીપી વિદાય લેશે, એએપીનું આગમન, ગોરધનજીની દ્વિધા અપરંપાર...**

**મુંબઇનું બોલીવુડ ગુજરાતના આંગણે....**



**ગુજરાતી ફિલ્મો છોડો, હવે હિન્દી ફિલ્મોનું ગુજરાતની ભૂમિમાં અવતરણ...**

ગુજરાતના મોડેલિંગ પછી ગુજરાતમાં બોલીવુડની ફિલ્મોના શૂટીંગ વધી રહ્યાં છે. રાજયની આ ભૂમિ ઉપર અમિતાભ બચ્ચનનો પણ પ્રભાવ છે. અમિતાભે વર્ષો પહેલાં રાજકોટની ભૂમિ ઉપર મૈ આઝાદ હૂં.. ફિલ્મનું શૂટીંગ કર્યુ હતું, ત્યારબાદ તેમણે ઈડરમાં તેમના મ્યુઝીક આલ્બમ માટે શૂટીંગ કર્યુ હતું. આજે મુંબઈના ફિલ્મ ડાયરેક્ટરોને ગુજરાતનું લોકેશન એટલું બધું ગમી ગયું છે કે અલગ અલગ વિસ્તારોમાં ફિલ્મોના

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરમાં શતાવધાન પ્રયોગ

**સેક્ટર-૨૨ જૈન દેરાસર ખાતે મુનિ અભિનંદનચંદ્ર સાગરના સતાવધાન પ્રયોગથી ભાવકો અભિભૂત : જુદા જુદા વ્યક્તિઓ દ્વારા રજૂ થયેલી બાબતો અને પ્રશ્નોને ક્રમાનુસાર યાદ રાખી બોલી જવાની મુનિની અનોખી શક્તિ, ૧૦૦૦ બાબતો પણ યાદ રાખી શકે છે**





(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરના સેકટર-૨૨માં આવેલ જૈન શ્વેતાંબર દેરાસરમાં પધારેલા જૈન મુનિ અભિનંદનચંદ્ર સાગરના શતાવધાન પ્રયોગથી હાજર સૌ કોઈ દિગ્મુઢ બની ગયા હતા. ૧થી ૧૦૦ બાબતો અને પ્રશ્નો હાજર સમુદાયમાંથી જુદી જુદી વ્યક્તિઓએ રજૂ કર્યા હતા. જેને મુનિવરે ક્રમાનુસાર પુનરાવર્તન કર્યું હતું અને છેલ્લે એટલે કે ૧૦૦થી ૧ સુધી ઊલટું પણ મુનિવરે સ્મરમશક્તિના અદ્‌ભુત પ્રયોગથી કરી બતાવ્યું હતું. દોઢથી બે કલાકના આ કાર્યક્રમમાં શહેરમાંથી અનેક મહાનુભાવો હાજર રહી મુનિવરની અપાર શક્તિને નિહાળી અને સાંભળી હતી.

ગાંધીનગરના આંગણે પધારેલા અલૌકિક શક્તિ ધરાવતા શ્રી અભિનંદનચંદ્ર સાગરજી મુનિ ગુજરાતનું ગૌરવ ગણાઈ રહ્યા છે. જેમના ભૂતકાળમાં ડોકાયું કરતાં જાણવા મળ્યું હતું કે રાજયના સુરત શહેરના વાવ સમાજના સુઈ ગામના મહેતા પ્રફુલ્લભાઈ મનસુખલાલ અને વર્ષાબેનના આ પુત્રએ ધોરણ-૫ સુધીનો અભ્યાસ કરી ૧૦ વર્ષની બાલ્યાવસ્થામાં બે વરસ સુધી જૈન દિક્ષા જીવનની આકરી તાલીમ લઈ ૧૨ વર્ષની ઉંમરે મુનિ જીવન ગ્રહણ કરી લીધું હતું. તેમના ગુરૂદેવ પૂ. અનુયોગાચાર્યશ્રી નયચંદ્રસાગરજી મહારાજ સાહેબ તેમને આ સિદ્ધિ મેળવવા યશફાળો આપેલ છે.

ગાંધીનગરમાં સેકટર-૨૨માં આવેલા જૈન દેરાસર ખાતે રાખવામાં આવેલા શતાવધાન પ્રયોગ સંદર્ભે મુનિશ્રી એ જણાવ્યું હતું કે વિશ્વની ૮૦૦ કરોડની વસ્તીમાં ૧૭ વર્ષની ઉંમરે સિદ્ધિ પ્રાપ્ત કરવાની શક્તિ ભગવાન દ્વારા પ્રાપ્ત થયેલી છે. ચાર વર્ષથી મૌન ધારણ કરી સાતત્યને કારણે ધ્યાન તરફ ઝોક થતાં આ સિદ્ધિ પ્રાપ્ત કરી શકયા છે. રવિવાર પ્રાત નવને ત્રીસ મીનીટે શરૂ થયેલા આ શતાવધાન પ્રયોગમાં હાજર સૌને એક પુસ્તીકા આપી ક્રમ મુજબ ૧ થી ૧૦૦ જુદી જુદી વિગતો અને પ્રશ્નો પુછવાનું જણાવાયું હતું. જેમાં જુદા જુદા વ્યક્તિઓ દ્વારા વિગતો અને પ્રશ્નો પુછાયા હતા.

● અનુસંધાન પાન-૭ પર

## શતાવધાન એટલે શું?

શતાવધાનની વિસ્તૃત સમજ અને માહિતી આપવામાં આવી હતી. જેમાં અવધાન એટલે ધારણ કરવું. માનવી પોતાના જ્ઞાતમનની શક્તિ વડે ત્રણથી ચાર વિગતો એક સાથે સાંભળી માનવીનું મન જે કાંઈ સાંભળે-વાંચે કે વિચારે તેનો પ્રથમ સંગ્રહ આ જ્ઞાત મનમાં થાય છે. અસાધારણ મેઘા ધરાવતી વ્યક્તિની આશક્તિ ૧૦-૧૧ વસ્તુ સુધી પહોંચી શખે છે. પરંતુ ૧૦૦-૧૦૦ વિગતો એક સાથે સાંભળી ક્રમશઃ યાદ રાખવાની શક્તિ માનવીના જ્ઞાત મનની બહારની બાબત છે. શત અર્થાત્‌ ૧૦૦ અને શતાવધાન એટલે શ્રવણ કે દર્શનના માધ્યમે એક પછી એક સો વિગતો સાંભળીને કે જોઈને જ્ઞાત મન વડે અજ્ઞાત મન સુધી અને મનથી ચિત સુધી અને ચિતથી આગળ વધી પ્રગટ આત્મીય શક્તિ દ્વારા યાદ રાખી ફરીથી ક્રમશ જણાવવાની વિકસિત થયેલ શક્તિ.

## યાદ શક્તિ માટે ભ્રામરી પ્રાણાયામ કરો

યાદશક્તિને વધુ તેજસ્વી બનાવવા ભ્રામરી પ્રાણાયામ શ્રેષ્ઠ વિકલ્પ મુનિવરે જણાવ્યો છે. અંગુઠાથી કાનના બંને છીદ્રો પૂરી આંખ બે-બે આંગળી રાખીને ભમરાની જેમ ગુંજારવ કરવાથી મગજના કોષ સજીવન થાય છે અને યાદશક્તિમાં અનેક ઘણો વધારો થાય છે.

# સરગાસણ પાસે મજૂર દ્વારા મજૂરની હત્યા

**રોટલો બનાવી આપવાની ના પાડતા પાવડો મારી મજૂરની હત્યા : સરગાસણ પાસે મજૂર કોલોનીમાં મોડી સાંજે બનેલી ઘટના : કપાળ ફોડી નાંખી પાવડો લઈને હત્યારો સાથી મજૂર ફરાર થઈ ગયો**

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરમાં પરપ્રાંતિયો દ્વારા નજીવી બાબતે હત્યા કરી નાંખવાના ગુનાઓ વધી રહ્યા છે. હજુ સરગાસણમાં જ ચોકીદારની હત્યાનો ભેદ ઉકેલાયો નથી ત્યાં ગઈ મોડી સાંજે બીજી એક હત્યા નોંધાઈ ગઈ છે. મજૂર મિત્રો મસ્તીમજાક કરી રહ્યા હતા તે દરમ્યાન એકે રોટલો બનાવી આપવાનું કહ્યું, બીજાએ ના પાડી એટલે ખુન્નસ સાથે મજૂરે પાવડો લઈને કપાળે મારી દેતા લમણુ ફાડી નાંખ્યુ હતું. મજૂર ઘટનાસ્થળે જ મોતને ભેટ્યો હતો. પાવડો લઈને હત્યારો મજૂર પળવારમાં ભાગી ગયો હતો. મૃતકના દિકરાની ફરીયાદને આધારે સે. ૭ પોલીસે હત્યાનો ગુનો નોંધી હત્યારાને શોધી કાઢવા ટીમ દોડાવી છે.

ગાંધીનગર નજીકના સરગાસણ ગામની સીમમાં સ્થિત સ્વાગત એફોર્ડ સામે મજૂર કોલોનીમાં રહેતા અને મુળ રાજસ્થાન ડુંગરપુર વિસ્તારના વતની ૪૨ વર્ષિય શ્રમિક હુરમાજી પ્રેમાજી રોત (મીણા) મજૂર કોલોનીની ખોલી નં. ૧૮માં રહેતા હતા અને ખોલી નં. ૪માં રહેતો ડુંગરપુરનો જ વતની સાથી મજૂર મગન જયંતિ ફેરા બન્ને મિત્રો મજૂરી કામ કરીને ઘરે આવ્યા બાદ મસ્તી મજાક કરી રહ્યા હતા. તે દરમ્યાન મગને હુરમાજીને મોડી સાંજે પોણા દસ વાગ્યાના અરસામાં રોટલા બનાવી આપ તેમ કહેતા હુરમાજીએ સાફ ઈન્કાર કરીને કહ્યું હતું કે હુ થોડી તારી પત્ની છે ? જેથી ગુસ્સે થઈને

● અનુસંધાન પાન-૭ પર


## પેથાપુર નગરપાલિકા ટેન્ડર નોટીસ

આથી પેથાપુર નગરપાલિકા, પેથાપુરને જિલ્લા આયોજન એકમ ગ્રાંટ વર્ષ-૨૦૧૩/૧૪ હેઠળના નીચે જણાવેલ પેકેજ માટે ઓન લાઈન ઈ-ટેન્ડરથી ગુજરાત રાજ્યના બાંધકામ ખાતામાં રજીસ્ટર થયેલ ઈજારદારો અને સ્પેશીયાલીસ્ટ પાસેથી ટેન્ડરો મંગાવવામાં આવે છે. ઈ-ટેન્ડરીંગની વિગતો અત્રેની કચેરીથી તથા વેબસાઈટ્ટુ.હૅષ્ટિ઼ી.ર્ષ્દ્ર સાઈટ પરથી જોવા મળશે.

**ટેન્ડર ડાઉનલોડ કરવાની છેલ્લી તારીખ : ૧૫/૧/૨૦૧૪**
**ટેકનીકલ બીડ રજી.એ.ડી.થી મોકલવાની છેલ્લી તારીખ : ૧૮/૧/૨૦૧૪**
**ટેન્ડર ઓપન કરવાની તારીખઃ ૨૦/૧/૨૦૧૪**

પ્રાઈઝ બીડ ઓનલાઈન ભરવાની છે. ટેકનીકલ બીડની સાથે ટેન્ડર ફી / ઈએમડીના ડ્રાફ્ટની એટેસ્ટેડ કોપી જોડવાની રહેશે. તેમજ તમામ એનેક્ષર સાથે સર્ટીફાઈડ નકલો જોડવાની રહેશે. ઉપરોક્ત ટેન્ડરની વધારે માહિતી માટે ઉપરોક્ત વેબસાઈટ જોવા વિનંતી. સદર કામ અંગેના તમામ હક્ક અધિકાર નગરપાલિકાને અબાધિત રહેશે.

| | |
|---|---|
| સહી/- (હિતેશકુમાર કે. પટેલ) મુખ્ય અધિકારી | સહી/- (સિતાબેન પી. પટેલ) પ્રમુખ |
| સહી/- (અનિલસિંહ એમ. વાઘેલા) ઉપપ્રમુખ | સહી/- (રણજીતસિંહ આર. વાઘેલા) ચેરમેન કારોબારી સમિત |

**પેથાપુર નગરપાલિકા, તા. જી. ગાંધીનગર**

માહિતી/૨૧૦૧/૧૩-૧૪ (અમારો સંકલ્પ સ્વચ્છ પેથાપુર)






પરાગ પટેલ (જાંબુ) મો. ૯૫૧૧૫૮૫૨૭૯
રજનીભાઈ શાહ મો. ૮૮૬૬૧૦૮૬૬૨
નરેન્દ્ર પટેલ (શંભુ) મો. ૯૮૨૪૦૫૪૨૧૪

**દિવાની ટાઈલ્સ**

રબ્બર અને પેવર બ્લોક મેન્યુફેક્ચરર એન્ડ સપ્લાયર્સ તેમજ ફીટીંગ કરી આપવામાં આવશે





જે.એસ. પટેલ વિદ્યામંદિર સામે, માર્કેટ યાર્ડની બાજુમાં, રાંધેજા, ગાંધીનગર

હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...

અર્ચી

93 761 80003
93 288 9 3535
89 80 10 1515


# કોંગ્રેસની સદાચાર યાત્રા રાજ્યમાં ૪૯૩૬ કિમીનો પ્રવાસ કરશે

અમદાવાદ, તા. ૫

રાજ્યની પ્રવર્તમાન સરકારે આચરેલ વ્યાપક ભ્રષ્ટાચાર તથા રાજ્યની પ્રવર્તમાન ગંભીર કાયદો વ્યવસ્થાની કથળી ગયેલ સ્થિતિ અને રાજ્ય સરકાર દ્વારા ખોટા દાવાઓ દ્વારા ચલાવવામાં આવી રહેલા જુઠ્ઠાણાઓથી લોકોને અવગત કરાવવા તથા કોંગ્રેસ નીતિ તથા કોંગ્રેસની સિદ્ધિઓથી સહુને માહિતગાર-વાકેફ કરવાના ઉદ્દેશ સાથે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા આયોજીત સદાચાર યાત્રા જુદા જુદા પાંચ વિભાગોમાં તા. ૭ જાન્યુઆરીથી તા. ૨૩ જાન્યુઆરી સુધી કુલ ૪૯૩૬ કિ.મી.ના અંતર સાથે ૪૫ શહેર જિલ્લાના ૨૦૦ થી વધુ તાલુકાના વિવિધ ગામોમાંથી પસાર થશે. એક તરફ ગુજરાતની ભાજપ સરકારના દુરાચાર, ભ્રષ્ટાચાર અને અનૈતિક કામોને ઉજાગર કરવા અને કેન્દ્રની યુપીએ સરકાર દ્વારા કરવામાં આવેલા સામાજીક કલ્યાણની અનેક યોજનાઓને તેમના લાભાર્થી સુધી પ્રચાર અને પ્રસાર થાય તેવા આશયથી તા. ૭મી જાન્યુઆરીના રોજ પ્રથમ વિભાગની યાત્રા પોરબંદરથી શરૂ થઈ જુનાગઢ, ગીર સોમનાથ, અમરેલી થઈને ભાવનગર જશે. આ યાત્રાનું નેતૃત્વ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અર્જુનભાઈ મોઢવાડીયા કરશે. પ્રથમ વિભાગની યાત્રા ૧૪૭૦ કિ.મી.નું અંતર કાપશે. મહાત્મા ગાંધીની જન્મભૂમિ પોરબંદરથી શરૂ થનાર સદાચાર યાત્રા નામક સત્યાગ્રહ ઉજાગર કરતી અન્યાય સામે લડતની શોર્યભૂમિ દાંડી ખાતે સમાપન થશે.

કોંગ્રેસ પક્ષ દ્વારા આયોજીત સદાચાર યાત્રાના બીજા વિભાગમાં તા. ૮મી જાન્યુઆરીથી નલીયા કચ્છથી મોરબી, જામનગર, રાજકોટ એમ કુલ ૧૧૧૫ કિ.મી.નું અંતર ફરશે જેનું નેતૃત્વ કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ નેતાશ્રી શક્તિસિંહ ગોહિલ કરશે.

કોંગ્રેસ પક્ષ દ્વારા આયોજીત સદાચાર યાત્રાના ત્રીજા વિભાગ થરાદ-બનાસકાંઠાથી શરૂ થઈ સાબરકાંઠા મહિસાગર, દાહોદ, પંચમહાલ, છોટાઉદેપુર, વડોદરા

● અનુસંધાન પાન-૭ પર


## જનરલ હોસ્પિટલ, ગાંધીનગર ખાતે બાયોમેડીકલ એન્જીનીયર જોઈએ

| ક્રમ | જગ્યાનું નામ | લાયકાત અને અનુભવ |
|---|---|---|
| ૧ | બાયોમેડીકલ એન્જીનીયર | ડીગ્રી ઈન બાયોમેડીકલ એન્જીનીયરીંગ<br>૨ વર્ષનો સંલગ્ન હોસ્પિટલ અનુભવ |

અત્રેની હોસ્પિટલ ખાતે ઉપરોક્ત સેવાઓ કોન્ટ્રાકટના ધોરણે ફીક્સ પગારથી લેવાની છે. રસ ધરાવતા ઉમેદવારોએ વૉક ઈન ઈન્ટરવ્યુ માટે તા. ૧૦/૧/૨૦૧૪ના રોજ સવારે ૯-૦૦ કલાકે રૂમ નં. ૧૫, સીવીલ સર્જનની ચેમ્બર, ઓપીડી હોલ, બીજો માળ, જનરલ હોસ્પિટલ, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે લાયકાત અને અનુભવના અસલ પ્રમાણપત્રો સાથે હાજર રહેવુ.

સભ્ય સચિવ
માહિતી/૨૧૦૦/૧૩-૧૪ ગાં.જિ.રો.ક., જ.હો. ગાંધીનગર

## કોમ્પ્યુટર કમ સ્ટેટ ક્રાઈમ રેકર્ડ બ્યુરો, ગુ.રા. ગાંધીનગર

ની કચેરીનો બિન ઉપયોગી ભંગાર સામાન જેવો કે, એસીના ગેલ્વેનાઈઝ ડક, લોખંડ / પતરા / લાકડુ, એલ્યુમિનિયમ વિગેરે ભંગાર સામાન જાહેર હરાજી દ્વારા વેચાણ આપવાનો હોઈ, રસ ધરાવતી પાર્ટીઓએ તા. ૮/૧/૨૦૧૪ના રોજ હાજર રહેવા વિનંતી છે.

સ્થળ : ગાંધીનગર (અમિતકુમાર વિશ્વકર્મા)
તારીખ : ૪/૧/૨૦૧૪ નાયબ પોલીસ મહાનિરીક્ષક
માહિતી/૨૧૧૧/૧૩-૧૪

LED, LCD & Colour TV રીપેરીંગ

**સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ**

બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨૮૭૧૧૫
મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬,
મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧






# હાર્દિક અભિનંદન





**શૈલેષભાઈ સી. જોષી**

ઉપપ્રમુખ, ઓલ ઈન્ડિયા બ્રાહ્મણ ફેડરેશન

સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના પ્રદેશ અધ્યક્ષ શ્રી શૈલેષભાઈ જોષીની તાજેતરમાં ઓલ ઈન્ડીયા બ્રાહ્મણ ફેડરેશનના ઉપપ્રમુખ પદે વરણી કરવામાં આવી છે. તે બદલ તેમને હાર્દિક અભિનંદન પાઠવીએ છીએ. રાષ્ટ્રવ્યાપી બ્રહ્મસમાજના ઉત્કર્ષ અને સંગઠન કાર્ય માટે સફળતા શક્તિ આપવા ઈશ્વરને પ્રાર્થના કરીએ છીએ.

| | |
|---|---|
| **હરીનભાઈ પાઠક** (સંસદ સભ્ય) | **ગણપતભાઈ કે. જોષી** (પ્રમુખ, સમસ્ત બ્રહ્મસમાજ, બનાસકાંઠા) |
| **બાલકૃષ્ણભાઈ શુક્લ** (સંસદ સભ્ય) | **કનૈયાલાલ પંડ્યા** (પૂર્વ મહામંત્રી, સમસ્ત બ્રહ્મસમાજ, ગુજરાત) |
| **દિલીપભાઈ પંડ્યા** (સંસદ સભ્ય) | **પીનાકીનભાઈ રાવલ** (પ્રમુખ, સમસ્ત બ્રહ્મસમાજ, ગાંધીનગર) |
| **અશ્વિનભાઈ ત્રિવેદી** (એડવોકેટ, ગાંધીનગર) | **ડામરાજી રાજગોર** (પરશુરામ પરિવાર, બનાસકાંઠા) |

C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

# જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વૉટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com